For live updates : **Like** /Gujaratmitra | **Follow** /Gujaratmitra | /Gujaratmitr | **Subscribe** /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in



માંજલપુર વિધાનસભા પેટાચૂંટણી પૂર્વે વડોદરા જિલ્લા કલેક્ટર અને મુખ્ય ચૂંટણી અધિકારીએ ડિસ્પેચિંગ સેન્ટરની મુલાકાત લઈ ઇવીએમ, વીવીપેટ સહિતની ચૂંટણી સામગ્રીના વિતરણ, પોલિંગ સ્ટાફની વ્યવસ્થા, સુરક્ષા બંદોબસ્ત અને મતદાનની તૈયારીઓનું સ્થળ પર નિરીક્ષણ કરી અધિકારીઓને જરૂરી માર્ગદર્શન આપ્યું. **(તસવીર : રણજીત સૂર્વે)**

### ભાજપના સતિષ પટેલ અને કોંગ્રેસના ભીખાભાઈ રબારી માટે આજનો દિવસ મહત્ત્વનો

# માંજલપુર પેટાચૂંટણી માટે ૨.૧૯ લાખ મતદારો કરશે બે દિગ્ગજોના ભાવિનો ફેંસલો

**EVM-VVPAT** વિતરણ, રૂટ પ્લાનિંગ અને સુરક્ષા વ્યવસ્થાની ઝીણવટભરી સમીક્ષા

**ચૂંટણી પંચની** માર્ગદર્શિકા મુજબ કામગીરી કરવા અધિકારીઓને આદેશ

(પ્રતિનિધિ) વડોદરા તા.29

વડોદરા શહેરની માંજલપુર વિધાનસભા બેઠકની આગામી પેટાચૂંટણીને અનુલક્ષીને વહીવટી અને ચૂંટણી તંત્ર દ્વારા તમામ તૈયારીઓને આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે. મતદાનની સમગ્ર પ્રક્રિયા સંપૂર્ણપણે નિષ્પક્ષ, પારદર્શી અને શાંતિપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થાય તે હેતુથી વડોદરા જિલ્લા કલેક્ટર અને મુખ્ય ચૂંટણી અધિકારી દ્વારા ડિસ્પેચિંગ સેન્ટરની પ્રત્યક્ષ મુલાકાત લેવામાં આવી હતી. કલેક્ટરે સ્થળ પર પહોંચી સામગ્રી વિતરણ તેમજ ચૂંટણી સંબંધિત ક્ષેત્રીય કામગીરીનું ગ્રાઉન્ડ લેવલ પર બારીકાઈથી ચકાસણી અને નિરીક્ષણ કર્યું હતું.

તંત્ર દ્વારા હાથ ધરવામાં આવેલી ડિસ્પેચિંગ કામગીરી દરમિયાન પોલિંગ સ્ટાફને ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન, વીવીપેટ મશીનો અને અન્ય અત્યાવશ્યક ચૂંટણી સામગ્રી નિયમાનુસાર સુપ્રત કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. કલેક્ટરે આ સામગ્રી વિતરણ પ્રક્રિયાની ઝીણવટભરી સમીક્ષા કરી હતી અને ઉપસ્થિત તમામ અધિકારીઓ તથા કર્મચારીઓને ભારતના ચૂંટણી પંચની નિર્ધારિત માર્ગદર્શિકા મુજબ ક્ષતિરહિત અને સુચારુ રીતે કામગીરી પૂર્ણ કરવા સંબંધિત સૂચનાઓ આપી હતી.

આ ઉપરાંત, ડિસ્પેચિંગ સ્થળેથી પોલિંગ સ્ટાફને પોતપોતાના નિયત મતદાન મથકો સુધી પહોંચાડવા માટેની વાહન વ્યવસ્થા, યોગ્ય રૂટ પ્લાનિંગ તેમજ સુરક્ષાના ભાગરૂપે કડક પોલીસ બંદોબસ્ત સહિતની બાબતોનું પણ કાળજીપૂર્વક મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. કલેક્ટર અને મુખ્ય ચૂંટણી અધિકારીના આ પ્રત્યક્ષ સ્થળ નિરીક્ષણ અને માર્ગદર્શનથી સ્થળ પર ફરજ બજાવી રહેલા ચૂંટણી કર્મચારીઓમાં ઉત્સાહ અને કામગીરી પ્રત્યેની જવાબદારીનો સંચાર થયો હતો. વહીવટી તંત્ર દ્વારા શાંતિપૂર્ણ મતદાન માટેની તમામ પૂર્વતૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે.

## EVM ડિસ્પેચિંગ દરમિયાન પ્રિસાઈડિંગ ઓફિસરની તબિયત લથડતાં હોસ્પિટલમાં

(પ્રતિનિધિ) વડોદરા,તા.29

વડોદરામાં માંજલપુર પેટા ચૂંટણીલક્ષી કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. ત્યારે, ઈવીએમ ડિસ્પેચિંગની કામગીરી દરમિયાન એક દુર્ઘટના ટળી હતી. જો કે આ ઘટનાને પગલે ચૂંટણી સ્ટાફમાં ચિંતાજનક સ્થિતિ સર્જાઈ હતી. પ્રિસાઈડિંગ ઓફિસરની તબિયત અચાનક લથડતા તાત્કાલિક 108 મારફતે હોસ્પિટલ ખસેડાયા હતા.

ચૂંટણી ફરજમાં જોડાયેલા પ્રિસાઈડિંગ ઓફિસર નિલય જીવાણી ઈવીએમ ડિસ્પેચિંગની કામગીરીમાં વ્યસ્ત હતા. આ દરમિયાન તેઓને અચાનક જ ચક્કર આવતા તેઓ સ્થળ પર જ ઢળી પડ્યા હતા. પ્રિસાઈડિંગ ઓફિસરને અચાનક તબિયત લથડતા હાજર અન્ય કર્મચારીઓમાં થોડીવાર માટે નાસભાગ અને દોડધામ મચી ગઈ હતી. ઘટનાની જાણ થતા જ તંત્ર દ્વારા તાત્કાલિક પગલાં લેવામાં આવ્યા હતા. 108 એમ્બ્યુલન્સને તાત્કાલિક બોલાવવામાં આવી હતી અને ઈજાગ્રસ્ત અધિકારીને પ્રાથમિક સારવાર આપ્યા બાદ વધુ સારવાર અર્થે નજીકની હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. હાલ તેમની તબિયત સ્થિર હોવાનું જાણવા મળી રહ્યું



છે. આ ઘટનાને પગલે ચૂંટણી ફરજમાં જોડાયેલા અન્ય સ્ટાફમાં પણ ચિંતાની લાગણી ફેલાઈ છે. ચૂંટણી અધિકારીઓ દ્વારા સ્ટાફના આરોગ્યની કાળજી લેવા અને જરૂરી તબીબી વ્યવસ્થા સુનિશ્ચિત કરવા સૂચનાઓ આપવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે વડોદરામાં માંજલપુર પેટા ચૂંટણીની તમામ કામગીરી વચ્ચે કર્મચારીઓ સતત કામ કરી રહ્યા છે. તંત્ર દ્વારા તમામ કર્મચારીઓને સ્વાસ્થ્ય બાબતે જરૂરી સાવચેતી રાખવા અપીલ કરાઈ છે.

### દુમાડ કોમ્પ્લેક્સ ખાતે યોજાયેલી રૂટીન મોકડ્રિલને વાસ્તવિક ઘટના ગણાવી

## ગુજરાત રિફાઈનરીની મોકડ્રિલને બ્લાસ્ટ માની યુવકે વીડિયો વાયરલ કરી દીધો

**રિફાઈનરી** તંત્રની સ્પષ્ટતા - કોઈ બ્લાસ્ટ નહીં, માત્ર સલામતી વ્યવસ્થાની ચકાસણી માટે મોકડ્રિલ યોજાઈ હતી



(પ્રતિનિધિ) વડોદરા તા.29

વડોદરાની ગુજરાત રિફાઈનરીના દુમાડ કોમ્પ્લેક્સ ખાતે મંગળવારે મોડી રાત્રે સલામતી વ્યવસ્થાની તૈયારી ચકાસવા માટે નિયમિત મોકડ્રિલ યોજાઈ હતી. સ્થાનિક તંત્ર દ્વારા અગાઉથી જ વિવિધ માધ્યમો મારફતે તેની જાણકારી આપવામાં આવી હતી, જેથી લોકોમાં કોઈ ગભરાટ ન ફેલાય. તેમ છતાં, રિફાઈનરી નજીક રહેતા એક યુવકે મોકડ્રિલના દ્રશ્યોને વાસ્તવિક બ્લાસ્ટ સમજી તેનો વીડિયો બનાવી સોશિયલ મીડિયા પર પોસ્ટ કર્યો હતો, જે બુધવારે વાયરલ થયો હતો.

'પપ્પુ ભાભોર' નામના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પરથી શેર કરાયેલા વીડિયોમાં યુવક હિન્દીમાં દાવો કરે છે કે ઈન્ડિયન ઓઈલની બરોડા રિફાઈનરીમાં બ્લાસ્ટ થયો છે અને ફાયર બ્રિગેડ ઘટના સ્થળે પહોંચી ગઈ છે. વીડિયોમાં ફાયર બ્રિગેડના પાણીના પ્રેશર અને આગ અંગે પણ ભ્રામક માહિતી આપવામાં આવી હતી. જોકે, ગુજરાત રિફાઈનરીના અધિકારીઓએ સ્પષ્ટતા કરી હતી કે કોઈ બ્લાસ્ટ કે આગની ઘટના બની નથી. આ માત્ર રૂટીન મોકડ્રિલ હતી, જેમાં વિવિધ સલામતી વ્યવસ્થાઓ અને ઈમરજન્સી પ્રતિસાદની ચકાસણી કરવામાં આવી હતી. તંત્રે દુમાડ અને આસપાસના વિસ્તારના લોકોને અફવાઓ પર વિશ્વાસ ન રાખવા તેમજ કોઈ પણ માહિતીની સત્તાવાર પુષ્ટિ કર્યા બાદ જ તેને શેર કરવાની અપીલ કરી છે.

### એન્જિનિયરિંગ ટીમને બ્રિજ પર સ્પીડ કંટ્રોલમાં લાવવા તાત્કાલિક તકેદારીના પગલા લેવા સૂચના

## ફતેગંજ બ્રિજ પર વધતા અકસ્માતો બાદ તંત્ર હરકતમાં, અધિકારીઓનું સ્થળ નિરીક્ષણ

સ્પીડ અને એન્જિનિયરિંગ ખામીને અકસ્માતનું કારણ ગણાવ્યું,રંબલ સ્ટ્રીપ અને સ્પીડ કંટ્રોલના પગલા લેવાશે



(પ્રતિનિધિ) વડોદરા, તા.29

વડોદરા શહેરના ફતેગંજ બ્રિજ પર તાજેતરમાં અકસ્માત અને મોતની ઘટનાઓમાં વધારો થતાં આરટીઓ, ટ્રાફિક પોલીસ વિભાગ, પાલિકા અને એન્જિનિયરોની ટીમે અધિકારીઓની ઉપસ્થિતિમાં બ્રિજનું નિરીક્ષણ કર્યું હતું.

નિરીક્ષણ દરમિયાન બ્રિજ બનાવનાર એન્જિનિયરિંગ ટીમ પણ હાજર રહી હતી. અધિકારીઓના જણાવ્યા અનુસાર બ્રિજ પર અમુક જગ્યાએ ઢાળને કારણે વાહનોની સ્પીડ વધી જાય છે અને બ્રિજની ડિઝાઈનમાં તેમજ રંબલ સ્ટ્રીપ ન હોવાને કારણે સ્પીડ કંટ્રોલ થતી નથી. જેના કારણે અકસ્માતો થઈ રહ્યા છે. એન્જિનિયરિંગ ટીમને બ્રિજ પર સ્પીડ કંટ્રોલમાં લાવવા તાત્કાલિક તકેદારીના પગલા લેવા સૂચના આપવામાં આવી છે. હાલની મુલાકાત બાદ અંતિમ નિરાકરણમાં કયા પ્રકારના વાહનોને બ્રિજ પરથી પસાર થવા દેવા તે અંગે નિર્ણય લેવામાં આવશે. આરટીઓ અધિકારી કેતન ખાપેડેએ જણાવ્યું કે આરસીસીના ધારા-ધોરણ મુજબ જ કામગીરી કરવા સૂચના અપાઈ છે. આગામી દિવસોમાં કોઈ કામગીરી નહીં થાય તો રોડ સેફ્ટી મિટિંગમાં સંબંધિત એજન્સી સામે કાર્યવાહી કરવામાં આવશે.

## ૭૫ મીટર રીંગરોડ માટે દબાણો દૂર, પાલિકાનું બુલડોઝર ફરી વળ્યું

(પ્રતિનિધિ) વડોદરા તા.29

વડોદરા શહેરના મહત્વાકાંક્ષી 75 મીટર રીંગરોડ પ્રોજેક્ટને વેગ આપવા માટે માર્ગમાં અવરોધરૂપ ગેરકાયદે દબાણો દૂર કરવાની ઝુંબેશ બુધવારે હાથ ધરવામાં આવી હતી. વડોદરા મહાનગરપાલિકાના દબાણ હટાવ વિભાગે વિશાળ પોલીસ બંદોબસ્ત અને જેસીબી મશીનો સાથે કાર્યવાહી શરૂ કરી હતી.

કાર્યવાહી દરમિયાન રીંગરોડની બંને બાજુ આવેલા કાચા-પાકા ગેરકાયદે બાંધકામો, કોમર્શિયલ શેડ, દુકાનોના ઓટલા-વરંડા તેમજ લારી-ગલ્લાં અને કેબિનો દૂર કરવામાં આવ્યા હતા. પાલિકાના જણાવ્યા મુજબ દબાણકર્તાઓને અગાઉ નોટિસ આપી સ્વેચ્છાએ દબાણો હટાવવાની તક આપવામાં આવી હતી, પરંતુ સમયમર્યાદા પૂર્ણ થતાં કાર્યવાહી કરવી પડી હતી. જોકે વર્ષોના વિલંબ બાદ શરૂ થયેલી કામગીરીને લઈને સ્થાનિકોમાં



અસંતોષ જોવા મળ્યો છે. નાગરિકોનું કહેવું છે કે દબાણો શરૂ થયા ત્યારે જ તંત્રે કડક પગલાં લીધા હોત તો આજે આટલી મોટી તોડફોડ કરવાની જરૂર ન પડત. રીંગરોડનું કામ અટકતાં વાહનચાલકોને લાંબા સમયથી ટ્રાફિક જામ, ધૂળ અને અકસ્માતના જોખમનો સામનો કરવો પડી રહ્યો છે. નાગરિકોએ માંગ કરી છે કે પાલિકા માત્ર દેખાવ પૂરતી કાર્યવાહી ન કરે, પરંતુ સમગ્ર રૂટ પરથી તમામ દબાણો કાયમી ધોરણે દૂર કરી ફરીથી ગેરકાયદે કબજો ન થાય તે માટે સતત દેખરેખ રાખે. 75 મીટર રીંગરોડ પૂર્ણ થતાં શહેરની ટ્રાફિક વ્યવસ્થા વધુ સુગમ બનવાની આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

### પરિણીત યુવકના પ્રેમમાં પડેલી ૧૮ વર્ષની યુવતીને ૧૮૧ અભયમ ટીમે પરિવાર સાથે મિલન કરાવ્યું

## ૯ વર્ષ મોટા યુવકના પ્રેમમાં પાગલ ૧૮ વર્ષીય યુવતી ઘર છોડી નીકળી ગઈ

**ન્યાય** મંદિર પાસે રિક્ષામાં એકલી બેઠેલી યુવતીને જોઈ જાગૃત નાગરિકે 181 મહિલા હેલ્પલાઇનને જાણ કરી

(પ્રતિનિધિ) વડોદરા, તા.29

વડોદરામાં 27 વર્ષના પરિણીત યુવકના પ્રેમમાં પડેલી 18 વર્ષની યુવતી પરિવારની મંજૂરી ન મળતાં ઘર છોડીને નીકળી જવાનો બનાવ સામે આવ્યો છે. ન્યાય મંદિર વિસ્તારમાં રાત્રિના સમયે એકલી રિક્ષામાં બેઠેલી યુવતી પર જાગૃત નાગરિકની નજર પડતા તેણે તાત્કાલિક 181 અભયમ મહિલા હેલ્પલાઈન પર જાણ કરી હતી. માહિતી મળતા જ 181 અભયમની ટીમ સ્થળ પર પહોંચી યુવતીનું કાઉન્સેલિંગ કરી તેને સુરક્ષિત રીતે પરિવાર સાથે મિલન કરાવ્યું હતું. એક દિવસથી દીકરીની શોધખોળ કરી રહેલા પરિવારને દીકરી સહીસલામત મળી આવતા રાહતનો શ્વાસ લીધો હતો.

મળતી માહિતી મુજબ, એક જાગૃત નાગરિકે 181 મહિલા હેલ્પલાઈન પર ફોન કરી જણાવ્યું હતું કે વડોદરાના ન્યાય મંદિર વિસ્તાર પાસે આશરે 18 વર્ષની યુવતી એકલી રિક્ષામાં બેઠેલી છે અને તેને મદદની જરૂર હોવાનું જણાય છે. કોલ મળતા જ બાપોદ લોકેશન પરથી અભયમ ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. ટીમે યુવતીનો વિશ્વાસ જીતીને તેની સાથે વાતચીત શરૂ કરી હતી.

કાઉન્સેલિંગ દરમિયાન યુવતીએ જણાવ્યું હતું કે તેને 27 વર્ષના એક યુવક સાથે પ્રેમ સંબંધ છે. જોકે યુવક પહેલેથી જ પરિણીત હોવાથી તેમજ બંનેની ઉંમરમાં નવ વર્ષનો તફાવત હોવાના કારણે તેના માતા-પિતાએ આ સંબંધનો વિરોધ કર્યો હતો. પરિવારની ના બાદ યુવતી પરિણીત યુવક સાથે લગ્ન કરવાની જીદ પર અડગ રહી હતી. માતા સૂઈ ગયા બાદ તે કોઈને જાણ કર્યા વિના ઘરેથી નીકળી ગઈ હતી.

181 અભયમ ટીમે યુવતીને શાંતિપૂર્વક સમજાવ્યું કે હાલ તેની ઉંમર અભ્યાસ અને ભવિષ્ય ઘડવાની છે. જીવનના મહત્વપૂર્ણ નિર્ણયો ઉતાવળમાં લેવાને બદલે યોગ્ય સમયે માતા-પિતાના માર્ગદર્શન સાથે લેવા જોઈએ. ટીમની સમજાવટ અને કાઉન્સેલિંગ બાદ યુવતીને પોતાની ભૂલનો અહેસાસ થયો અને તે ઘરે પરત જવા તૈયાર થઈ હતી.

ત્યારબાદ ટીમે યુવતીની માતા અને ભાઈનો સંપર્ક કરી તેમને સ્થળ પર બોલાવ્યા હતા. છેલ્લા એક દિવસથી દીકરીની શોધખોળ કરી રહેલી માતાએ દીકરીને સહીસલામત જોઈ ભાવુક બની તેને ભેટી પડી હતી. માતા-પુત્રીના મિલનથી હાજર સૌની આંખો ભીની થઈ ગઈ હતી. અંતે 181 અભયમ ટીમે યુવતીને પરિવારને સોંપી માતા-પિતાને દીકરી સાથે સતત સંવાદ જાળવવા અને તેના માનસિક તેમજ ભાવનાત્મક પાસાઓનું ધ્યાન રાખવાની સલાહ આપી હતી. યુવતીના પરિવારે સમયસર મદદ અને માર્ગદર્શન બદલ 181 અભયમ મહિલા હેલ્પલાઇનની ટીમનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

## આગામી ૪ દિવસ ભારેથી અતિભારે વરસાદની આગાહી

(પ્રતિનિધિ) વડોદરા, તા.29

હવામાન વિભાગ દ્વારા વડોદરા શહેરમાં આગામી એક સપ્તાહ સુધી વરસાદી માહોલ રહેશે. 1 ઓગસ્ટ સુધી વીજળી અને ભારે પવન સાથે વરસાદ પડવાની શક્યતા છે. બુધવારે શહેરનું મહત્તમ તાપમાન 31.4 ડિગ્રી અને લઘુત્તમ તાપમાન 27.0 ડિગ્રી નોંધાયું હતું. શહેરમાં વરસાદ નોંધાયો નથી. સવારે હવામાં ભેજનું પ્રમાણ 85% અને સાંજે 5:30 76% રહ્યું હતું.

હવામાન વિભાગ દ્વારા વડોદરા માટે આગામી દિવસો માટે મહત્વની ચેતવણીઓ જાહેર કરી છે. જેમાં 30 જુલાઈના રોજ ભારે વરસાદની યલો એલર્ટ અને મહત્તમ 35 ડીગ્રી, લઘુત્તમ 27 ડીગ્રી રહેશે. 31 જુલાઈએ અતિભારે વરસાદની રેડ એલર્ટ જાહેર કરવામાં આવી છે. આ દિવસે મહત્તમ 34 ડીગ્રી અને લઘુત્તમ 26 ડીગ્રી તાપમાન રહેશે. જ્યારે, 1 ઓગસ્ટના રોજ ફરીથી ભારે વરસાદની યલો એલર્ટ અને મહત્તમ 33 ડીગ્રી લઘુત્તમ 27 ડીગ્રી તાપમાન રહેશે. સાથે આગામી 2 થી 4 ઓગસ્ટ દરમિયાન વીજળી સાથે વરસાદ રહેશે. પરંતુ કોઈ ખાસ ચેતવણી નથી. તાપમાન 33 ડિગ્રીથી 35 ડિગ્રીની આસપાસ રહેવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. બુધવારે વડોદરા જિલ્લા કંટ્રોલ રૂમ દ્વારા જાહેર કરાયેલા આંકડા મુજબ વડોદરા જિલ્લામાં છુટો છવાયો વરસાદ નોંધાયો છે. છેલ્લા 24 કલાકમાં સવાર 6 થી સાંજના 6 વાગ્યા સુધીના સમયગાળામાં જિલ્લાના 8 તાલુકાઓમાંથી ફક્ત ડભોઈ તાલુકામાં બપોરે 12 થી 2 વાગ્યા દરમિયાન 1 મી.મી. વરસાદ પડ્યો છે. જ્યારે સાવલી, વડોદરા, વાઘોડિયા, પાદરા, કરજણ, શિનોર અને ડેસર તાલુકામાં વરસાદ નોંધાયો નથી. જિલ્લાનો સરેરાશ વરસાદ 0.13 મી.મી. રહ્યો છે. સિઝનના કુલ વરસાદમાં શિનોર તાલુકામાં સૌથી વધુ 474 મી.મી. વરસાદ નોંધાયો છે.

### આજવા રોડ વિસ્તારમાં ધોધમાર વરસાદ વચ્ચે ૧૮૧ની સરાહનીય કામગીરી

## ૭ મહિનાની બાળકી સાથે વહુને ઘરમાંથી કાઢી મૂકતાં ૧૮૧ અભયમ ટીમ મદદે દોડી

**કડક** કાઉન્સેલિંગ બાદ સાસુ-સસરાએ ફરી આવી ઘટના નહીં બને અને વહુને યોગ્ય રીતે રાખવાની બાંહેધરી આપી

(પ્રતિનિધિ) વડોદરા, તા.29

વડોદરા શહેરના આજવા રોડ વિસ્તારમાં સાસુ-સસરાએ પોતાની વહુ અને સાત મહિનાની દૂધપીતી બાળકીને ધોધમાર વરસાદ દરમિયાન ઘરમાંથી કાઢી મૂક્યાનો માનવતાને શરમાવે એવો બનાવ સામે આવ્યો છે. નિરાધાર બનેલી મહિલાએ 181 અભયમ મહિલા હેલ્પલાઈનનો સંપર્ક કરતાં ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી પરિવારનું કાઉન્સેલિંગ કરી મામલાનું સુખદ સમાધાન કરાવ્યું હતું.

મળતી માહિતી મુજબ, મૂળ ઘોઘંબાના વતની અને છેલ્લા 15 વર્ષથી વડોદરામાં રહેતા પરિવારમાં પીડિત મહિલાએ બે વર્ષ પહેલાં પ્રેમલગ્ન કર્યા હતા. છેલ્લા છ મહિનાથી પતિ ટીબીની ગંભીર બીમારીને કારણે કામ કરી શકતા ન હોવાથી પરિવારની આર્થિક જવાબદારી મહિલાના ખભા પર આવી પડી હતી. ઘરખર્ચ અને બાળકીના પાલનપોષણ માટે મહિલા સાસુ-સસરા સાથે કડિયાકામ કરવા જતી હતી. જોકે, કામ કરવા છતાં સસરા તેને મહેનતાણું આપતા ન હતા અને વારંવાર માનસિક ત્રાસ આપતા હોવાનું મહિલાએ જણાવ્યું હતું.

બુધવારે સવારે મહિલાની તબિયત નાદુરસ્ત હોવાથી તેને ઊઠવામાં મોડું થતાં સાસુ ઉશ્કેરાઈ ગઈ હતી. તેણે મહિલા અને તેની સાત મહિનાની બાળકીને ઘરમાંથી બહાર કાઢી મૂકી હતી. ભારે વરસાદ વચ્ચે મહિલાને આશ્રય વિના રહેવાની ફરજ પડતાં તેણે 181 અભયમ મહિલા હેલ્પલાઈનની મદદ માંગી હતી.

માહિતી મળતાં જ અભયમની ટીમ સ્થળ પર પહોંચી સાસુ-સસરાનું કડક કાઉન્સેલિંગ કર્યું હતું. ટીમે સમજાવ્યું કે નાની બાળકી સાથે વહુને ઘરેથી કાઢી મૂકવી માનવતા અને કાયદા બંનેની દ્રષ્ટિએ ગંભીર બાબત છે. ઉપરાંત મહિલાના મહેનતના કામ બદલ યોગ્ય રકમ આપવાની પણ સૂચના આપવામાં આવી હતી. અંતે સાસુ-સસરાએ પોતાની ભૂલ સ્વીકારી ભવિષ્યમાં મહિલાને ઘરમાંથી નહીં કાઢે, તેની અને બાળકીની યોગ્ય સંભાળ રાખશે તથા પરિવાર સાથે સન્માનપૂર્વક રાખવાની લેખિત અને મૌખિક બાંહેધરી આપતાં મામલાનો સુખદ અંત આવ્યો હતો.

### આરટીઓ કચેરીએ આવેદનપત્ર અપાશે

## એપ આધારિત ભાડા સામે રિક્ષા ચાલકોનો આજે વિરોધ

**RTOને** પરિપત્ર જાહેર કરી ભાડું નક્કી કરવાની માંગ

(પ્રતિનિધિ) વડોદરા, તા.29

વડોદરા શહેરમાં ઓનલાઈન એપ મારફતે ઓટો રિક્ષાનું ભાડું સરકાર દ્વારા નક્કી કરાયેલા મીટર ભાડા કરતાં ઓછું ચૂકવવામાં આવતું હોવાના વિરોધમાં બરોડિયન ઓટો રિક્ષા યુનિયન આજે ગુરુવારે આરટીઓ કચેરી ખાતે વિરોધ પ્રદર્શન કરશે. યુનિયન દ્વારા આરટીઓને આવેદનપત્ર આપી એપ આધારિત ઓટો સેવાઓ માટે લઘુત્તમ ભાડું નક્કી કરતો પરિપત્ર જાહેર કરવાની માંગ કરવામાં આવશે.

યુનિયનના આગેવાનોના જણાવ્યા મુજબ, છેલ્લા કેટલાક સમયથી ઓલા, ઉબેર સહિતની એપ કંપનીઓ દ્વારા આપવામાં આવતી સવારીઓમાં મીટર ભાડા કરતાં 30થી 40 ટકા સુધી ઓછું ભાડું ચૂકવવામાં આવે છે. બીજી તરફ CNG, વાહનોના મેઈન્ટેનન્સ અને અન્ય ખર્ચમાં સતત વધારો થતાં ઓટો રિક્ષા ચાલકોની આવકમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. પરિણામે હજારો રિક્ષાચાલકો અને તેમના પરિવારો આર્થિક સંકટનો સામનો કરી રહ્યા છે. આ સમસ્યાના ઉકેલ માટે શહેરના ઓટો રિક્ષા ચાલકો મોટી સંખ્યામાં એકત્ર થઈ વિરોધ પ્રદર્શન કરશે અને ત્યારબાદ આરટીઓ કચેરી ખાતે આવેદનપત્ર સુપરત કરશે. યુનિયનની મુખ્ય માંગ છે કે આરટીઓ વિભાગ તાત્કાલિક પરિપત્ર જાહેર કરીને ઓટો રિક્ષા માટે લઘુત્તમ ભાડું નક્કી કરે તેમજ એપ કંપનીઓને મીટર ભાડાથી ઓછું ભાડું વસૂલવા કે ચૂકવવા પર પ્રતિબંધ મૂકે. ઉપરાંત ઓટો રિક્ષા ચાલકોના હિતોની સુરક્ષા માટે રાજ્ય સરકાર તાત્કાલિક યોગ્ય નિર્ણય જાહેર કરે તેવી પણ માંગ કરવામાં આવી છે.

### વડોદરાના વિઝા એજન્ટ સામે ફરિયાદ

## હંગરીના વર્ક પરમિટ વિઝાના નામે રાજકોટના યુવક સાથે ૧.૦૪ લાખની ઠગાઈ

**છ મહિનામાં** વિઝા અપાવવાની ખાતરી આપી ૧.૪૦ લાખ વસૂલ્યા, કામ ન થતાં માત્ર ૩૬ હજાર જ પરત કર્યા

(પ્રતિનિધિ) વડોદરા તા.29

રાજકોટના ગાયત્રીનગર વિસ્તારમાં રહેતા 27 વર્ષીય યુવક સાથે હંગરીના વર્ક પરમિટ વિઝા અપાવવાના બહાને 1.04 લાખની છેતરપિંડી થયાનો મામલો સામે આવ્યો છે. વિઝા પ્રક્રિયા પૂર્ણ ન થતાં યુવકે પોતાના નાણાં પરત માંગ્યા હતા, પરંતુ વડોદરાના વિઝા કન્સલ્ટન્ટે માત્ર 36 હજાર જ પરત આપતાં આખરે યુવકે પોલીસ ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદી જયદિપ ચોટાલીયાના જણાવ્યા મુજબ, તે અવારનવાર વડોદરાના સારાભાઈ કેમ્પસમાં આવેલી નેપ્ચ્યુન એજ કંપનીમાં નોકરી કરતી પોતાની મિત્રને મળવા આવતો હતો. વિદેશમાં નોકરી માટે વર્ક પરમિટ વિઝા મેળવવાની ઈચ્છા વ્યક્ત કરતાં મિત્રએ જૂન-2025 દરમિયાન તેની ઓળખાણ કરોડીયા-બાજવા રોડ પર રહેતા અને 'રાઠોડ એન્ટરપ્રાઈઝ'ના નામે વિઝા કન્સલ્ટન્સી ચલાવતા રાહુલકુમાર મનુભાઈ વણકર સાથે કરાવી હતી. રાહુલ વણકરે હંગરીનો વર્ક પરમિટ વિઝા 3.10 લાખમાં છ મહિનાની અંદર અપાવી આપવાની ખાતરી આપી હતી. તેણે પોતાના લેટરપેડ પર શરતો પણ લખી આપી હતી કે જો કોઈ કારણસર વિઝાનું કામ નહીં થાય તો 45 દિવસમાં સમગ્ર રકમ પરત કરવામાં આવશે. આ વિશ્વાસના આધારે જયદિપે જુલાઈ-2025 દરમિયાન પ્રોસેસિંગ ફી સહિત તબક્કાવાર કુલ 1.40 લાખ ચૂકવ્યા હતા. છ મહિના વીતી ગયા છતાં વિઝાની કોઈ પ્રક્રિયા પૂર્ણ ન થતાં જયદિપે પૂછપરછ કરી હતી. ત્યારે રાહુલે હંગરીનો વિઝો થઈ શકે તેમ નથી તેમ કહી રકમ પરત આપવાની ખાતરી આપી હતી. માર્ચ-2026માં તેણે માત્ર 36 હજાર જ પરત આપ્યા હતા. બાકી રહેલા 1.04 લાખ માટે વારંવાર ઉઘરાણી કરવા છતાં રાહુલ વણકર ગલ્લા-તલ્લા કરતો રહ્યો હતો. પોતાની સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી થઈ હોવાનું જણાતા જયદિપ ચોટાલીયાએ વડોદરાના વિઝા કન્સલ્ટન્ટ રાહુલકુમાર મનુભાઈ વણકર વિરુદ્ધ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે ફરિયાદના આધારે વધુ તપાસ હાથ ધરી છે.